ગાંધીનગર સમાચાર

નવા સેક્ટરોમાં પાંચ દિવસથી પાણીનો કકળાટ

# પારો દસ ડિગ્રી ગગડતા શહેર ઠુંઠવાયુ

## માત્ર ૨૪ કલાકમાં જ ૧૭ ડિગ્રીથી ૭ ડિગ્રી સુધી પારો ગગડતા શહેર ઠંડુગાર બન્યુ : જનજીવનને ઘેરી અસર

ગાંધીનગર, તા. ૬

ઠંડા હિમ જેવા પવનોએ નગરને ફરીથી ઘેરી લીધુ છે. વસંતના વધામણા કરી ગરમ વસ્ત્રોને ત્યજી આહલાદક વાતાવરણને માણતા નગરજનોને ઠંડીએ સારો એવો પરચો દેખાડ્યો છે. માત્ર ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી જેટલુ ગગડતા આખુ શહેર ઠુંઠવાઈ ગયું છે.

ફેબ્રુઆરી માસના પ્રારંભે ધીમે ધીમે ગરમીનો અનુભવ થવા માંડ્યો હતો. દિવસ દરમ્યાન સારી એવી ગરમીનો અનુભવ થવા માંડ્યો હતો. પંખાની સ્પીડ વધતી જતી હતી અને ઠંડા પાણીનો ઉપયોગ વધવા માંડ્યો હતો. વસંતપંચમી બાદ તો આહલાદક વાતાવરણ અનુભવાતુ હતુ. હવે ઉનાળો શરૂ થઈ ગયો છે તેવુ જ સૌ કોઈ માનવા લાગ્યા હતા. ગૃહિણીઓએ ગરમ વસ્ત્રો ધોઈ કબાટમાં મુકી દીધા હતા અને રજાઈ-બ્લેન્કેટને તડકે તપાવી માળીયે ચઢાવી



દીધા હતા. આહલાદક વાતાવરણને સૌ કોઈ માણી રહ્યા હતા. ત્યારે અચાનક જ ઠંડા પવનો શરૂ થતાં સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ઠંડા પવનોના કારણે લઘુત્તમ તાપમાન ધીમ ધીમે ઘટવા માંડ્યુ હતુ. એક જ દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન જ્યાં ૧૭ ડિગ્રી નોંધાયું હતુ તેમાં ૧૦ ડિગ્રીનો ઘટાડો થતાં લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રીએ પહોંચી ગયુ હતુ. નગરજનો રીતસર ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા. ગરમ વસ્ત્રો અને બ્લેન્કેટ વગેરે તાત્કાલિક બહાર કાઢવા પડ્યા હતા. બારી બારણા અને પંખા બંને બંધ થઈ ગયા હતા. એક જ દિવસમાં વાતાવરણમાં યુ ટર્ન આવી ગયું હતું. હવામાન વિભાગે આ પલ્ટા અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે જમ્મુ-કાશ્મીર, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના હિમાલય પર્વતમાળાના ક્ષેત્રોમાં બરફનું ખુબ મોટુ તોફાન આવ્યુ છે. જમ્મુ-કાશ્મીર સહિત ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં નવેસરથી બરફવર્ષા થઈ છે. આ વિસ્તારમાંથી ફૂંકાતા પવનો ગુજરાત સહિતના વિસ્તારોમાં આકરી ઠંડી માટે કારણરૂપ રહ્યા છે. પવનની દિશા ઉત્તરીય પર્વતીય વિસ્તાર તરફથી હોવાઠી ઠંડી અચાનક જ વધી ગઈ છે. ઉત્તરભારતના ઘણા વિસ્તારોમાં તો વાદળછાયાં વાતાવરણ સાથે ઠંડી પડતા જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી રહી છે. ઠંડીથી બચવા માટે લોકો જાતભાતના નુસખા અપનાવી રહ્યા છે. આગામી બે દિવસ હજુ ઠંડીમાં રાહત મળે તેવી કોઈ સંભાવના નથી. કદાચ ઠંડીનું જોર હજુ વધી શકે તેવી પુરેપુરી સંભાવના છે.

# ખ માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈનની ખુલ્લી ચેમ્બરો મોતના કુવા સમાન

ગાંધીનગર તા ૬

શહેરના ખ માર્ગ પર માર્ગ વચાળે જ મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ખ માર્ગને સિકસલેબન બનાવવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે માર્ગ નવિનીકરણ બાદ પણ માર્ગ પર માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. સ્ટોર્મ વોટર લાઈન માર્ગ વચાળેથી પસાર થાય છે.જયારે સ્ટોર્મ વોટર લાઈનનુ ઢાંકણો ખુલ્લી હાલતમાં હોવાથી રહાદારીઓના માથે મોતનો ખતરો જળુંબી રહયો છે. સ્ટોર્મ વોટર લાઈનને યોગ્ય કરવા માટે ત્વરિત કામ હાથ ધરવાની અનિવાર્યતા છે.

શહેરમાં મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગને સિકસલેન બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. પરંતુ ખ માર્ગને સિકસલેન બનાવાયા બાદ પણ માર્ગ પર જોખમી સ્થિતિ સર્જાઇ છે. સિકસલેન બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા આ માર્ગ પર માર્ગ સલામતીની દ્રષ્ટીએ મોટુ જોખમ ઉભુ થયુ છે. માર્ગ વચાળે જે મોટા ગાબડા જોવા મળી રહયા છે. સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણ તોતિંગ ટેકરા સમાન જોવા મળી રહયા છે. જયારે કેટલાક ઠેકાણે ઢાંકણ જ ન હોવાથી ખુલ્લી લાઈન પણ મોતના કુવા સમાન બની છે. ખ-૩ થી ખ -૭ વચ્ચે અંદાજિત ૯૦ જેટલા ઢાંકણોની આવી હાલતથી વાહનચાલકો ગમે ત્યારે જાનલેવા અકસ્માતનો ભોગ બને તેવી દહેશત પ્રબળ બની છે. ખ માર્ગનુ કામ વાઈબ્રન્ટ પુર્વે પુર્ણ કરી દેવાયુ છે. જો કે માર્ગને સિકસલેન બનાવાની યોજના અન્વયે સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો સાઈડ કોર્નર કરવા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેના પરિણામે આ જોખમી સ્થિતિ ઉદભવી છે. હાલ એક મહીનાથી સ્ટોર્મ વોટર લાઈનની માર્ગ વચાળે સ્થિત ખુલ્લી અને ભયજનક ચેમ્બરો ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેમ છે. વાઈબ્રન્ટ વેળાએ વી વી આઈ પી મહાનુભાવોની અવર જવર દરમિયાન વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો હતો. જયારે આમ નાગરિકોની સલામતીનો મુદ્દો રામભરોસે છોડી દેવાયો છે. ખ માર્ગ પર માર્ગ વચાળે આ જોખમી સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા ચેમ્બરોના નવા ઢાંકણ ફીટ કરવા માટે કામની દરખાસ્ત કરવામાં આવી છે.ત્યારે આ કામ ઝડપભેર પુર્ણ કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૮મી માર્ચે ગાંધીનગર આવે છે

ગાંધીનગર, તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૮મી માર્ચના રોજ ગુજરાતના પ્રવાસે આવશે. તેઓ ગાંધીનગર ખાતે યોજાનારા મહીલા સરપંચોના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આગામી ૮મી માર્ચે મહિલા દિનની દેશભરમાં ઉજવણી કરવાની છે ત્યારે ગાંધીનગર ખાતે પણ રાષ્ટ્રીયકક્ષાની ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય કક્ષાની મહિલા સરપંચોના સંમેલન યોજાનાર છે.



આ સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહેનાર છે.

છેલ્લા ત્રણ મહિના દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૬ વખત ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. છે કે આગામી ડિસેમ્બર-૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. ત્યારે ગુજરાતમાં વડાપ્રધાન રેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ વધતા તેમનો આ પ્રવાસ આગામી ચૂંટણી પર ધ્યાન કેન્દ્રીત કરવાનું મનાઈ રહ્યુ છે.

# સ્થાયી સમિતિએ ડ્રાફટ બજેટમાં ૬૯ લાખનો વધારો સૂચવ્યો

## કાઉન્સીલરની ગ્રાન્ટમાં ૧ લાખનો વધારો કરાયો; ઓનલાઈન વેરા ભરનારને ૨ ટકા વિશેષ વળતરની પણ ભલામણ સ્થાયી સમિતિએ કરી; પાંચ લાખના ખર્ચે ડાયરીનું છાપકામ કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ મ્યુનિ. કમિશનરના ડ્રાફટ બજેટમાં રૂ. ૬૯ લાખનો નજીવો વધારો સૂચવી સામાન્ય સભાની મંજૂરી માટે મોકલી આપ્યુ છે.

મહાનગરપાલિકા ખાતે આજે બપોરે ૧૨ વાગે મળેલ સ્થાયી સમિતિએ કાઉન્સીલરોને અપાતી વિસ્તાર વિકાસ ગ્રાન્ટની રકમમાં રૂ. ૧ લાખનો વધારો કર્યો છે. આથી રૂ. ૩૨ લાખનું ભારણ સૂચવ્યું છે. આ ઉપરાંત વ્હીકલ પુલમાં વાહન રિપેરીંગ ખર્ચમાં રૂ. ૩૦ લાખનો વધારો સૂચવ્યો છે તેમજ રૂ. ૫ લાખનો ખર્ચ મનપાની ડાયરી છપાવવા માટે સૂચવ્યો છે. મ્યુનિસિપલ સેક્રેટરી માટે આતિથ્ય ખર્ચની નવી જોગવાઈ પણ રૂ. બે લાખની સૂચવી છે.

આમ રૂ. ૬૯ લાખના નજીવા સુધારા વધારા સાથે કમિશનરના ડ્રાફટ બજેટને મંજૂર રાખી સામાન્ય સભાની મંજૂરી માટે મોકલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં બજેટને પ્રજાભિમુખ અને વિકાસલક્ષી ગણાવતાં ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે મિલ્કતવેરાની ચૂકવણી ઓનલાઈન કરનાર માટે બે ટકા ખાસ વળતરની જોગવાઈ કરવામાં આવી છે.

● અનુસંધાન પાના - ૭ પર

### મનપાની સામાન્ય સભા ૧૫મી ફેબ્રુઆરીએ મળશે

૧૫મી ફેબ્રુઆરીએ મહાનગર પાલિકાની સામાન્ય સભા મળશે જેમાં સ્થાયી સમિતિએ સુધારા સાથે બહાલ રાખેલ ૨૦૧૭-૧૮ના વર્ષનું અંદાજપત્ર રજુ કરવામાં આવશે. મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળનાર આ સામાન્ય સભામાં બજેટ પર ચર્ચા-વિચારણાને અંતે બહાલી આપવામાં આવશે. બજેટ પરની ચર્ચા માટે બન્ને પક્ષો દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. દરમ્યાન સામાન્ય સભા બોલાવવા માટે તંત્રએ પણ તેની તૈયારીઓ આરંભી દીધી છે.


## બીજી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. કિન્નરીબેન તુષારભાઈ સાધુ**

હે નાથ જોડી હાથ, પાયે પ્રેમથી
સૌ માંગીએ શરણું મળે સાચુ
તમારું એ હૃદયથી માંગીએ જ
જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો પરમાત્મા એ આત્માને
ચિર શાંતિ આપજો....
તમારી વિદાય પછી સૌ પૂછે છે સારું છે ને,
પરંતુ સાચા ઉત્તર કોને દેવા ?

**પ્રવીણ બી. શ્રીમાળી**

જાનુ - મીતુ - ગીતા - માનસી - ઝલક - નિરાલી



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515


# નવા સેકટરોમાં પાંચ દિવસથી પાણીનો કકળાટ

## લગ્નસરાની મોસમમાં પાણીની પોકાર ઉઠતા ત્વરિત પગલા લેવા માંગ

ગાંધીનગર તા ૬

શહેરના નવા સેકટરોમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. જેના લીધે રહીશોમાં પાણીની પોકરા ઉઠવા પામી છે. નવ વિકસિત વિસ્તારમાં સે-૩ માં પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાની બુમ ઉઠી છે. સેકટરની ગૃહીણીઓનુ મોં પણ વંકાયુ છે. લગ્નસરાની મોસમ નિખરી છે ત્યારે પાણીનો ફોર્સ અચાનક જ ઘટતા સ્થાનિક રહીશોને પારવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સેકટરવાસીઓને પુરતા ફોર્સથી પાણી મળે તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં પાણીની પોકાર શાંત પડી ગઈ છે. આમછતા ક્યારેક પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો કાને અથડાય છે. શહેરના નવા સેકટરોમાં છેલ્લા પાંચ દિવસથી પાણી ફોર્સથી ન આવતા રોજ સાંજ પડે રહીશોના મકાનોની ટાંકીમાં પાણી ખુટી જાય છે. નવા સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટયો હોવાની બુમરાણ વચ્ચે નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે. જેમાં ખાસ કરીને સે-૩ ડી અને સેકટરના અન્ય વિસ્તારમાં પાણીનો સપ્લાય ફોર્સથી ન આવતા પાણીનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો હોવાનો રોષ નાગરિકો ઠાલવી રહયા છે. બીજીતરફ લગ્નસરાની સિઝન પણ પુરબહારમાં હોવાથી પાણીનો ઉપયોગ પણ વધ્યો છે. આવા સંજોગોમાં ગુલાબી ઠંડીના દિવસોમાં પાણીની ખેંચ ઉભી થતા સેકટરવાસીઓ વધુ પરેશાન બન્યા છે. સેકટરોમાં ફોર્સથી પાણી આવે તે માટે યોગ્ય પગલા લેવા પણ સ્થાનિક રહીશોએ રજુઆત કરી છે.

# કલોલના ભોંયણ મોટી ખાતે નવી યુનિવર્સિટી બનશે

ગાંધીનગર જિલ્લામાં આગામી દિવસોમાં વધુ એક ડિમ્ડ યુનિવર્સિટી કાર્યરત થશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી શૈક્ષણિક સત્રથી જિલ્લાના કલોલ તાલુકામાં ડિમ્ડ યુનિવર્સિટી કાર્યરત થશે.

રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતુ કે ૨૦મીથી શરૂ થતા રાજ્ય વિધાનસભાના અંદાજપત્ર સત્ર દરમ્યાન નવી પાંચ ડિમ્ડ યુનિ.ઓની સ્થાપના માટેનું વિધેયક સરકાર લઈ આવશે. નવી યુનિ.ઓમાં કેડીલા ફાર્મા દ્વારા ધોલેરામાં ઈન્દ્રસીલ યુનિ. સ્થાપવામાં આવશે તો કલોલ તાલુકામાં ભોંયણ મોટી ખાતે સ્વર્ણીમ સ્ટાર્ટઅપ યુનિ.ની સ્થાપના થશે. આ ઉપરાંત કોસંબા ખાતે પી.પી. સવાણી યુનિ., જે.જી. ઈન્ટરનેશનલ યુનિ. અને એન્વાયરમેન્ટલ એજયુકેશન યુનિ.ની સ્થાપનાને મંજૂરી આપતુ વિધેયક લઈ આવવામાં આવશે.

દરમ્યાન ગાંધીનગરમાં હાલ નવ જેટલી યુનિ.ઓ છે અને સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિ. કલોલ તાલુકાના ભોંયણ મોટી ખાતે કાર્યરત થતાં જિલ્લામાં હવે ૧૦ યુનિ.ઓ બનશે.


**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER 2016**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | |
|---|---|---|---|---|
| | | Quarter ended 31.12.2016 (Unaudited) | Nine Months ended 31.12.2016 (Unaudited) | Quarter ended 31.12.2015 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 26,678.76 | 78,292.89 | 24,807.20 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 18,219.36 | 56,674.41 | 17,207.00 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items) | 18,219.36 | 56,674.41 | 17,207.00 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 11,855.72 | 36,965.15 | 12,384.51 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 11,860.76 | 36,809.83 | 12,411.48 |
| 6 | Equity Share Capital(face value of Rs. 10/- each) | 56,351.74 | 56,351.74 | 56,319.98 |
| 7 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | |
| | a) Basic EPS (Rs.) | 2.10 | 6.53 | 2.20 |
| | b) Diluted EPS (Rs.) | 2.10 | 6.53 | 2.20 |
| | (face value of Rs. 10/- each) | (not annualised) | (not annualised) | (not annualised) |
| 7 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | |
| | a) Basic EPS (Rs.) | 2.10 | 6.53 | 2.20 |
| | b) Diluted EPS (Rs.) | 2.10 | 6.53 | 2.20 |
| | (face value of Rs. 10/- each) | (not annualised) | (not annualised) | (not annualised) |

**Notes: (1)** The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) **(2)** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 6th February, 2017. **(3)** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

**For and on behalf of Gujarat State Petronet Limited**
**M. M. Srivastava, IAS(Retd.)**
**Chairman**

**Place: Gandhinagar**
**Date: 6th February, 2017**



www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com